# ડાંગ જીલ્લો




- ઉત્તરે તાપી જિલ્લો, પૂર્વમાં મહારાષ્ટ્ર રાજ્ય, દક્ષિણમાં મહારાષ્ટ્ર રાજ્ય અને પશ્ચિમમાં નવસારી જિલ્લાની સરહદો આવેલી છે. .
- ડાંગ જીલ્લાની આજુબાજુ તાપી, નવસારી જિલ્લા આવેલા છે.
- ક્ષેત્રફળ :- ૧,૭૬૪ચો. કિમી.
- સ્થાપના :-૧૯૬૦
- વિધાનસભાની કુલ સીટો :- ૧ ડાંગ (એસ.ટી)
- વસ્તી :- ૨,૨૬,૭૬૯ (૨૦૧૧)
- સાક્ષરતા :- ૭૫.૧૬%
- વસ્તી ગીચતા :-૧૨૯ એક ચો.કિમી (વ્યક્તિ દીઠ)
- સ્ત્રી પુરૂષ પ્રમાણ :-૧૦૦૬ (દર હજારે)
- મુખ્ય મથક :- આહવા
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- તાલુકા :- ૩ (1)સુબિર (2 ) વઘઈ (3 ) આહવા
- તાલુકા પંચાયતની કુલ સીટો :- ૩ (કુલ બેઠકો- ૪૮) (આહવા-૧૬, વઘઈ-૧૬ અને સુબીર-૧૬)
- જિલ્લા પંચાયતની કુલ સીટો :- ૧૮
- ગામડાઓ :- ૩૧૨
- ગ્રામ પંચાયત :- ૭૦
- આરટીઓ નંબર:- GJ-30
- પર્વતો :- સાપુતારા

- વન :- ત્રિફળા વન (સાપુતારા)
- નદીઓ :- અંબિકા, પૂર્ણા, સર્પગંધા, ખાખરી, ગિરા
- અભયારણ્ય :- બરડીપાડા અભયારણ્ય (દીપડા અને સાબર),પૂર્ણા વન્યજીવ અભ્યારણ્ય
- ધોધ :- ગીરા ધોધ (અંબિકા),ગિરિમાલ ધોધ (આહવા તાલુકો), બરડા ધોધ, ચિમેર ધોધ (સોનગઢ),શિવઘાટ ધોધ,ભીગુનો ધોધ (વઘઇ), ચનખલ ધોધ
- કુંડ :- અંજનકુંડ
- મુખ્ય પાકો :- નાગલી, વરી, મકાઈ, ડાંગર, કોદરા, રાગી, અડદ, તુવર
- કિલ્લાઓ :- સોનગઢનો કિલ્લો
- મ્યુઝિયમ :- સાપુતારા મ્યુઝિયમ (1970)
- નૃત્ય :- ડાંગી નૃત્ય આદિવાસીઓનું ડાંગીનૃત્ય 'ચાળો' તરીકે ઓળખાય છે. 'માળીનો ચાળો' , 'ઠાકર્યા ચાળો' વગેરે. ડાંગીનૃત્યના ૨૭ જાતના તાલ છે. તેઓ ચકલી, મોર, કાચબા વગેરે જેવાં પ્રાણીઓ અને પંખીઓની નૃત્ય સ્વરૂપે કરે છે. થાપી, ઢોલક, મંજીરા કે પાવરી નામનાં વાજિંત્રોમાંથી સૂર વહેતાં થતાં જ સ્ત્રી-પુરુષો નાચવા માંડે છે.આ ઉપરાંત ડેરા નૃત્ય, ઠાકરિયા નૃત્ય, રામલી નૃત્ય, ડુંગરદેવ નૃત્ય જાણીતા છે.
- સરોવર : - પંપા સરોવર
- જોવાલાયક સ્થળો :- સાપુતારા, ગિરિમથક, વઘઈનો બોટનિકલ ગાર્ડન, રૂપગઢનો કિલ્લો,પ્રકૃતિધામઆહવા ,સ્ટેપ ગાર્ડન,શબરીધામ મંદિર(જારશોળ),ત્રિફલાવન, ઈકો પોઈન્ટ , સનરાઈઝ પોઈન્ટ, બરડીપાડા અભ્યારણ્ય (સાપુતારા)

<u>વિશેષ નોંધ :-</u>

- ડાંગ જિલ્લાના પશ્ચિમ ભાગમાં આવેલા વઘઇ નજીક સરકારી આયુર્વેદિક દવા ઉગાડવાનુંમોટું ઉદ્યાન(ગાર્ડન) આવેલું છે. (બોટોનિકલ ગાર્ડન)વઘઇ એ ડાંગનું પ્રવેશદ્વાર ગણવામાં આવે છે.
- રામાયણ સમયમાં ડાંગ વિસ્તાર દંડકારણ્ય તરીકે ઓળખાતો હતો.
- વઘઈ ખાતે ' હિલ મિલેટ રિસર્ચ સ્ટેશન' આવેલું છે.
- ડાંગનાં જંગલોમાં અનેક દવાઓ માટે વપરાતી વનસ્પતિઓ ઉગે છે.
- ગુજરાતનો વસ્તીની દ્રષ્ટીએ સૌથી નાનો જિલ્લો છે.
- ગુજરાતમાંસૌથી વધારે વરસાદ ડાંગ જિલ્લામાં પડે છે
- ડાંગ જિલ્લાની સૌથી લાંબી નદી પૂર્ણા છે.
- આ જિલ્લામાં સાગ, સાદડ અને વાંસના ગાઢ જંગલો આવેલા છે.
- ડાંગ વનવાસી અને આદિવાસી વસ્તીવાળો જિલ્લો છે.
- આ વિસ્તાર ડુંગરાળ છે. ગુજરાતમાં સૌથી વધારે ૨૦૦ સે.મી.થી વધુ વરસાદ પડે છે.
- સાગ અને અન્ય ઈમારતી લાકડાના વિશાળ ગાઢ જંગલો આવેલા છે.
- સાપુતારાએ સૌન્દર્ય ધામ છે, જે અન્યત્ર ગિરિમથક છે.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- દીપડા અને સાબર માટે જાણીતું બરડીપાડાનું અભ્યારણ આવેલું છે.
- ગુજરાતમાં સૌથી ઓછું પશુધન ધરાવતો જિલ્લો છે.
- ડાંગ જીલ્લાનું લોક નૃત્ય ડાંગી નૃત્ય (ચાળો) આદિવાસી નૃત્ય છે.
- સૌથી વધુ શિશુ જાતિ પ્રમાણ ધરાવતો જિલ્લો છે.
- ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં આવેલ ગુજરાતનું એકમાત્ર ગિરીમથક સ્થળ સાપુતારા છે જે સહયાદ્રીની પર્વતમાળા પર આવેલું છે. તે આશરે ૧૦૦૦ મીટરની ઊંચાઈ પર આવેલું છે.
- વિશ્વની સૌથી નાની વનસ્પતિ લેન્ડ ફર્ન માલવીસ એડર્સ ટંગ ફર્ન ડાંગ જિલ્લામાંથી મળી આવી છે.
- ગુજરાતમાં સૌથી મોટા કદના ખેતરો ધરાવતો ડાંગ જિલ્લો છે.
- ગુજરાતમાં વિધાનસભાની સૌથી ઓછી બેઠકો ધરાવતો જિલ્લો ડાંગ છે. ( માત્ર એક બેઠક)
- ડાંગના દીદી તરીકે જાણીતા પૂર્ણિમાબહેન પકવાસાએ ઋતુંભરા વિશ્વ વિદ્યાપીઠની સ્થાપના કરી હતી.
- ડાંગ જિલ્લો વરલી ચિત્રકલા માટે જાણીતો છે.

gnanbhandar.com

- રૂપગઢનો કિલ્લો, ડાંગમાં આવેલો છે. આ કિલ્લો ઈ.સ. 1721માં ગાયકવાડ રાજવંશીઓના સંસ્થાપક પીલાજીરાવ ગાયકવાડે બંધાવ્યો હતો.
- ગિરા ધોધએ ગુજરાતનો સૌથી મોટો ધોધ જે ડાંગજિલ્લાના આહવા તાલુકાનાં શીંગાણા ગામ નજીક અંબિકા નદી પર આવેલો છે જેની ઊંચાઈ 30 મીટર છે. (સાપુતારા)
- આહવા તાલુકાનું અંજનકુંડ ગામમાં હનુમાનની માતા અંજનીના નામ ઉપરથી આ ગામનું નામ પડ્યું છે. અંજનકુંડ કે જ્યાં હનુમાનનો જન્મ થયો હોવાનું માનવામાં આવે છે.
- ડાંગ જિલ્લાના સુબિર ગામથી પૂર્વ દિશામાં છારેબાજુ વનરાજીની વચ્ચે નાના ટેકરા પર શબરી ધામ મંદિર આવેલું છે. મંદિરની નજીક પંપા સરોવર પણ આવેલું છે.
- ગુજરાતનો સૌથી વધુ જંગલ ધરાવતો જિલ્લો છે.
- ગુજરાતનો સૌથી વધુ લિંગાનુપાત ધરાવતો જિલ્લો ડાંગ છે.
- 'રાગી' નામનો પાક માત્ર ડાંગ જીલ્લામાં થાય છે.
- ઈ.સ. ૧૯૯૪માં આહવા ખાતે 'આદિવાસી રેડિયો કેન્દ્ર' શરૂ કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં સૌથી વધુ ખ્રિસ્તી લોકો ડાંગ જીલ્લામાં વસે છે.
- ડાંગના આદિવાસીઓ હોળી તથા દિવાળીના તહેવારો સર્પ ગંગા નદીને કિનારે સાપની પૂજા કરે છે.
- 'ડાંગ દરબાર' જિલ્લાનો સૌથી મોટો ઉત્સવ છે. જે આઝાદીના સત્યાગ્રહો સાથે જોડાયેલ છે.
- 'ડાંગના ગાંધી' તરીકે ઘેલુભાઈ નાયક ઓળખાય છે.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- 'ડાંગ એક્સપ્રેસ' તરીકે જાણીતી મહિલા ખેલાડી સરિતા ગાયકવાડની જન્મસ્થળ કરાડીઆંબા ગામ છે (તાલુકો આહવા) એશિયન ગેમ્સમાં 400 મીટર દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- 'ડાંગ એક્સપ્રેસ' તરીકે જાણીતો પુરૂષ ખેલાડી મુરલી ગાવિત છે જેને જુનિયર એશિયન એથ્લેટિક્સમાં 500 મીટર દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- ડાંગ જીલ્લામાં તેરા ઉત્સવ ઉજવવામાં આવે છે.
- ડાંગ જીલ્લામાં પંચાયતી રાજનો અમલ પહેલી જૂન ૧૯૭૨ના રોજ થયો હતો.
- ડાંગ જિલ્લાની સૌથી જૂની નેરોગેજ ટ્રેન (બીલીમોરા થી વઘઈ) જે આશરે ૧૦૭ વર્ષ જૂની છે. જેની શરૂઆત મહારાજા સયાજીરાવ ગાયકવાદે વર્ષ ૧૯૧૩માં કરી હતી.
- ગુજરાતનું સૌથી ઊંચું સ્થળ અસ્તંબા છે જે અંદાજે ૧૩૫૦ મીટર ઊંચાઈ પર આવેલ છે.
- ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં આવેલ બરડીપાડા અભ્યારણ્યને પૂર્ણા અભયારણ્ય તરીકે પણ ઓળખવામાં આવે છે.

gnanbhandar.com